ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા

# ગ્રાહક અધિકાર સુરક્ષા માટે જાગરૂકતા અને તાલીમ કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૨૩

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગ્રાહક શિક્ષા અને સંશોધન કેન્દ્ર (સી.ઈ.આર.સી.), અમદાવાદના સાથે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ (૨૪ ડિસેમ્બર) નિમિત્તે આજે ગ્રાહક અધિકાર સુરક્ષા માટે જાગરૂકતા અને તાલીમ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો જેમાં ગ્રામ વ્યવસ્થાપન એમ.બી.એ.ના ૮૦ વિદ્યાર્થિઓએ ભાગ લીધુ હતું. સી.ઇ.આર.સી..ના કેમીકલ લેબના સિનિયર મેનેજર ડૉ. ડોલી જાનીએ ગ્રાહક સુરક્ષા કાયદા તથા તેના માટે સંસ્થાની જોગવાઈઓ જણાવતા કહ્યુ કે આજના જમાનામાં આ કાયદા વિશે જાગરૂતતાની અગત્યતા એટલા માટે વધી જાય છે કે હવે કેશલેશ ઈકોનોમી અને ઓનલાઈન ખરીદી વધી રહી છે. ગ્રાહકો છેતરપિંડીથી કેવી રીતે બચી શકે. તેમને ગ્રાહકોના ૭ મૂળભૂત અધિકારોના રક્ષણ માટે ચાલતા જુદા જુદા વિભાગો અને તેની કામગરીની પણ ચર્ચા કરી. શિકાયત નિવારણ ખાતાના ડેપ્યુટી મેનેજર શ્રી ગિરીશભાઈ શાહે વિવિધ વ્યાવહારિક કેસોના દાખલા આપી વિદ્યાર્થી સ્વયંસેવકોને પ્રેરણા આપતા કહ્યુ કે જો ગ્રાહક સેવા કે વસ્તુ લેવાના વ્યવહારોમાં જાગરૂક હશે તો નુકસાનીથી બચી શકે છે. છેતરાયા પછી તો તે લેખિતમાં કાર્યવાહી કે શિકાયત કરે તો અસરકારકરીતે છેતરપિંડી કરનાર ઉપર એક્સન લઈ શકાય છે. જો આપણે આવું સાહસ ના કરીએ તો બીજાને પણ છેતરતો થઈ જશે. એક ઉપભોક્તા તરીકે આપણી ફરજ થાય છે આપણે સ્ટેન્ડર્ડ વાળી જ વસ્તુ ખરીદવી કેમ કે છેવટે તે સસ્તી પડે અને તેના સામે કેસ ચલાવવામાં આસાની રહે. એણ પણ કોઈ પણ વસ્તુ બિલ વગેરની ના ખરીદવી જોઈએ. જો પાકો બિલના હોય તો કાચી પહોંચ અવશ્ય લેવી. નાની નાની બાબતમાં ગ્રાહકો છેતરાતા હોય માહિતીના અભાવે પગલા ના લઈ શકતા હોય પણ જો તેઓ હેલ્પલાઈન ન. ૧૮૦૦ ૨૩૩ ૦૨૨૨ પર ફોન કરી તાત્કાલિક મદદ મેળવી શકે છે. બીજી પ્રક્રિયામાં કેસ કરતાં ગ્રાહક સુરક્ષા કાયદાના કેસનો નિકાલ વહેલો આવે છે. તેઓ જણાવે છે ૮૦ ટકા કેસો મધ્યસ્થતાથી સોલ્વ થઈ જાય છે ૨૦ ટકા માટે જ કોર્ટ કેસ કરવા પડે છે. રા. સે. યો.ના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશજૈને બન્ને એક્સપર્ટોનું આભાર માનતા ક્હયુ કે આ તાલીમ અમારા વિદ્યાર્થિઓ માટે એટલા માટે ઉપયોગી વધારે ઉપયોગી નિવડશે તે લોકો ગામ લોકો વચ્ચે રહીને પોતાનો કેરિયર શરૂ કરવાના છે તેથી તે લોકો પોતાની સાથે ગામ લોકોને મદદરૂપ બની સમાજની સેવા કરશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# લલિતકલા ઍકેડેમી દ્વારા આજે કરાટે બ્લૅક બેલ્ટ ઍવૉર્ડ સમારોહ



## રેન્શી સેલ્વાકુમાર દ્વારા પ્રશિક્ષિત સાત સાધકો બ્લૅક બેલ્ટ પ્રાપ્ત કરશે

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમી દ્વારા શનિવારે કરાટે બ્લૅક બેલ્ટ ઍવૉર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. છ બાળકો અને એક કિશોર મળી કુલ સાત સાધકો આ સમારોહ અંતર્ગત બ્લૅક બેલ્ટ પ્રાપ્ત કરી રહ્યા છે.

લલિતકલા ઍકેડેમીના હેડ દિનાબેન ડોડિયાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે રેન્શી સેલ્વાકુમાર દ્વારા પ્રશિક્ષિત સાત સાધકો - પર્વ કુંતલ નિમાવત, અંશ કિરીટસિંહ ઝંકત, કમલ જયેશભાઈ ગોવાણી, હિયા પરાશર દવે, સત્યમ સંજય પ્રજાપતિ, તરંગ જિતેન્દ્ર પરમાર અને નિહાર કિરીટસિંહ ઝંકત - શનિવારે એકસાથે બ્લૅક બેલ્ટ પ્રાપ્ત કરી રહ્યા છે.

સર્વ વિદ્યાલય કૅમ્પસના ખીમજી વિશરામ સંસ્કાર ભવન ખાતે સાંજે પાંચ કલાકે આ માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સમારોહના મુખ્ય અતિથિ તરીકે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડિરેક્ટર ડી ટી કાપડિયા, અતિથિ વિશેષ તરીકે વિશ્વવિદ્યાલયના ફેકલ્ટી ઓફ એજ્યુકેશનનાં ડીન વીણાબેન પટેલ તથા ખાસ અતિથિ તરીકે અર્જુન એવોર્ડ વિજેતા ગાંધીનગરનાં ગર્વિલાં બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમાર ઉપસ્થિત રહેશે.

## જન્મદિને વધામણી



પ્રમોદ જી દવે

## ડાયરેક્ટ સે

સંઘર્ષની મજા એ છે કે ત્યાં તમે એકલા હોવ છો. સફળતા મળ્યા પછી તો ઘણાં સાથે થઈ જાય છે.

## મનોરંજન

સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
દંગલ
૧૧.૩૦. ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫
ડિયર જિંદગી
૩.૪૫
કહાની-૨
૯.૪૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
૩.૩૦, ૧૦.૦૦
દંગલ
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
દંગલ
૯.૩૦
બેફિકરે
૬.૪૫
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦

# લાયન્સ કલબ દ્વારા યોજાયેલ યોગાસન શિબિરનું સમાપન



## યોગાચાર્ય જે.સી. પટેલનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૩

લાયન્સ કલબ દ્વારા કલબના સભ્યોના સ્વાસ્થ્ય સંદર્ભે સેકટર-૧ના બગીચામાં યોજાયેલ યોગ શિબિરનું આજે સમાપન થયું હતું.

શરીર એ મંદિર છે અને એની અંદરથી સ્વચ્છતા અને પૂજા એટલે યોગ પ્રવૃત્તિ... એમ જણાવતાં શ્રી જે.સી. પટેલે વિવિધ આસનો, પ્રાણાયામ, લાફીંગ કસરત અને શરીરના તમામ અવયવોને ઓક્સિજન મળે એવી કસરતોથી સૌને લાભાન્વિત કર્યા હતા. પ્રાણાયામ અને ધ્યાનના સરસ પ્રયોગો સાથે - એક દિવસ લાયન્સ કલબના સિનિયર સભ્ય નટુભાઈ સોલંકી દ્વારા લાફીંગ કસરત કરાઈ હતી.

યોગાચાર્ય શ્રી જે.સી. પટેલનો આભાર માનતાં પૂર્વ પ્રમુખ હરીશ ત્રિવેદીએ સૌ સભ્યો તરફથી સુંદર યોગ શિબિર બદલ પ્રમુખ નિમેષ રાવલ અને ટીમને અભિનંદન આપ્યા હતા. પૂર્વપ્રમુખ, બોર્ડ સભ્યો અને લાયોનેસ બહેનો, લીઓ પ્રમુખ વગેરેએ આ યોગ શિબિરનો લાભ લીધો હતો અને કાયમ આવી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવા પોતાની જાતને વચન આપ્યા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા

# સ્વયંસેવકો માટે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ, કે બી ફાર્મસી કોલેજ, એલડીઆરપી કોલેજના સ્વયંસેવકો દ્વારા કન્ઝ્યુમર રાઈટ્સ ડે (૨૪ ડિસેમ્બર) અંગે જાગૃતિ ફેલાવવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૦૦ જેટલા સ્વયંસેવકો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

આ પ્રસંગે સીઈઆરસીના સીઈઓ ઉદય માવાણી, અશોકાબેન ઘોષ મેધાવી જોષી, સુરેશકુમાર જેવા ફૂડ સેફટી અધિકારીઓ તથા તોલ-માપ વિભાગમાંથી ભૂમિકાબેન ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા ગ્રાહકોના અધિકારો વિશે માહિતી આપી હતી તથા કઈ બાબતની ફરિયાદ ક્યાં કરી શકાય, કોને ફરિયાદ કરવી, કેવી રીતે ફરિયાદ કરવી તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત નેશનલ અને સ્ટેટ ટોલ ફ્રી નંબર્સની જાણકારી પણ તેમણે સ્વયંસેવકોને આપી હતી.

સીઈઆરસીમાં કેવી કેવી ફરિયાદો આવે છે અને તેનું કેવી રીતે નિરાકરણ કરવામાં આવે છે તે પણ સચોટ રીતે સમજાવવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન યુનિવર્સિટીના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વયંસેવક રોનક કડીયા, અંજલિ પટેલ, સૂરજ મુંજાણી, પાર્થ દલવાડી, પ્રિયંકા ચાવડા, અલ્પા લાડવા, ભવદીપસિંહ વાળા, જૈમિન પટેલ, મિત સોની, શિવાની મોડીયા, પ્રિયાંક ઠક્કર, પ્રાર્થના દલવાડી, મમતા ઝાપડીયા, કુલદીપ ડોડિયા, મનદિપસિંહ ઝાલા, વિક્રમ સિંધવ, પ્રૉ. દિવ્યેન શાસ્ત્રી અને પ્રૉ. નોરિન વિરપરીયા દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.



કલોલ તાલુકાની નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળામાં બાળકો દ્વારા મોજ મસ્તી અને આનંદ માટે બાળ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં બાળકોએ રંગોળી, ફૂલ ડેકોરેશન, વિવિધ ખાણી-પીણી સ્ટોલ ઊભા કર્યા હતા. જેમાં અંદાજિત ૪૦૦ જેટલાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# એસ. જી. સ્કૂલની વિદ્યાર્થિની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા



એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની કુ. હેતવી મકવાણાએ ૨૨ ડિસેમ્બર ને ગુરુવાર ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા યોજાયેલ બાલ ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી રૂપિયા પાંચ હજારનું ઈનામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આચાર્ય મિલી સિંઘ તથા શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# ઓમ લેન્ડમાર્ક સ્કૂલ દાંડી કુટિરની મુલાકાતે




## ગાંધીજીના જીવન આદર્શો તથા ગાંધીજીએ પોતાના જીવનમાં પાળેલા મુખ્ય મૂલ્યોને ઓડિયો, વિડીયો પ્રેઝન્ટેશનના માધ્યમથી વિદ્યાર્થીઓએ માણ્યા

ગાંધીનગર, તા. ૨૩

બાળકોના સર્વાંગી વિકાસ માટે વર્ગમાં ચાલતા અધ્યાપન કાર્યની સાથે સાથે શાળા દ્વારા આયોજિત કરવામાં આવતી ક્ષેત્રીય મુલાકાત, શૈક્ષણિક પ્રવાસ તથા વ્યક્તિ વિશેષ પ્રદર્શનની મુલાકાત બાળકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

આવા શુભ હેતુથી તાજેતરમાં ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા દ્વારા પ્રાથમિક વિભાગના બાળકો માટે મહાત્મા મંદિર સ્થિત દાંડીકુટિરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં બાળકોએ ગાંધીજીના જન્મથી લઈ મૃત્યુ સુધીના તમામ પ્રસંગો, દેશને આઝાદ કરવા માટે હાથ ધરાયેલી તમામ ચળવળ, ગાંધીજીના નેતૃત્ત્વ હેઠળ થયેલા તમામ સત્યાગ્રહ, ગાંધીજીના જીવન આદર્શો તથા ગાંધીજીએ પોતાના જીવનમાં પાળેલા મુખ્ય મૂલ્યોને ઓડિયો, વિડીયો પ્રેઝન્ટેશનના માધ્યમથી માણ્યા હતા.

બાળકોએ ઉત્સાહપૂર્વક સમગ્ર પ્રદર્શનને નિહાળ્યું, માણ્યું હતું અને ગાંધીજીના જીવન સાથે સંકળાયેલી નાની-મોટી તમામ બાબતોની જાણકારી પ્રાપ્ત કરી હતી.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા

# ૨૯ જાન્યુઆરીએ ફાર્મસી રજિસ્ટ્રેશન માર્ગદર્શન કૅમ્પ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા ફાર્મસી રજિસ્ટ્રેશન માર્ગદર્શન કૅમ્પનું આયોજન તા. ૨૯ જાન્યુઆરી ને સવારે ૧૧થી સાંજે ૪ કલાક દરમિયાન નોબલ ફાર્મસી કૉલેજ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે. કૅમ્પમાં ફાર્માસિસ્ટ્સનાં રજિસ્ટ્રેશન, રિન્યુઅલ, રિએન્ટ્રી, ગૂડ સ્ટેન્ડિંગ સર્ટીફિકેટ, સરનામાં અને નામમાં ફેરફાર, ડુપ્લીકેટ સર્ટિફિકેટ, ડુપ્લીકેટ રિન્યુઅલ રસીદ, ડિગ્રી એડિશન વગેરેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગેની કામગીરી કરાવવા માગતા ફાર્મીસિસ્ટ્સને જરૂરી દસ્તાવેજો સાથે ૨૯ જાન્યુઆરીના રોજ નોબલ ફાર્મસી કોલોજ, પાર્થ વાટિકા, જૂનાગઢ-ભેસાણ રોડ, વાયા વડાલ, બામણગામની પાસે, જિ. જૂનાગઢ ખાતે ઉપસ્થિત રહેવા ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલના રજિસ્ટ્રાર દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. ઉમેદવારો જરૂર પડ્યે નોબલ ફાર્મસી કોલેજનો મો. ૯૮૨૪૨૯૯૬૧-૭૧-૮૧, ૯૮૭૯૭ ૪૨૯૨૭ અથવા ૮૯૮૦૦ ૦૫૬૮૨ દ્વારા સંપર્ક સાધી શકશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.